'૪૨૧૯

તરત દાન ને માહા પુન્ય.

ભાગ ૨ જો.

તેવામાં રાજાની ગાડી પોતાના ઘરભણી આવતી જોઈ તે છોકરીએ રાજાને માટે યોગ્ય આશન બનાવી રાખ્યું ને જેવી તે ગાડી ઘર પાસે આવીને ઉભી રહી કે તરત તે બ્રાહ્મણ નીચે ઉતરી રાજા સહીત પોતાના ઘરમાં દાખલ થયો. માલ ઉપર ગયા કે તે છોકરીએ રાજાને નમન કરી આદર સહીત આશન ઉપર બેસવાને સુચના કરી. પોતે પણ દુર આશન ઉપર બેસી રાજાને પુછવા લાગી કે આજ આમ ગરીબનું ઘર પાવન કરવાની તસદી કેમ લેવી પડી ત્યારે રાજાએ કહ્યું કે હે બાલકી ? તમારા પીતાજી હમેશા રાજ સભામાં આવીને મને જે તરત દાન ને માહા પુન્ય-નો આશીરવાદ આપી જાય છે, અને હું પણ

તેજ પ્રમાણે તરત દાન આપી દઉ છુ માટે તેનું પુન્ય જોવાનું મને કૌતક થયું છે તો હે કુમારીકા ! તારા પીતાજીના કેહેવાથી હું તારી [illegible]યો છું માટે તે વીગેની માહરી સંપુ-ર્ણ ખાત્રી તારાથીજ થાશે. ત્યારે તે છોકરી બોલી કે રાજાજી એ વાત જવા દેઓ એમાં ઘણી ઘણી જાતની હરકતો નડશે રાજપાટ છોડી રખડવું તમારાથી બનવું મુસ્કેલ છે માટે મારૂં માનો તો તમો પાછા રાજ મેહેલ તરફ પધારો. એવી રીતે રાજાને સમજાવા મેહેનત કરી પણ રાજા એકથી બીજો થયો નહી ત્યારે તે છો કરીએ કહ્યું કે હે રાજા ! જો તમારો એવોજ નીશ્ચે હોય તો ભલે સુખેથી હું કહું તેમ કરો. અહીંથી છ માસ સુધી રાત ને દીવસ ચાલ-વાથી "અહીંસા" નામની નગરી આવશે અને તે નગરીના રાજાને ત્યાં તેજ દીવસે છોકરાનો જન્મ થશે તે છોકરો તમને તરત દાન ને માહા પુન્ય દેખાડયા સીવાય ધાવશે નહીં માટે જો તમારે જાણવું હોય તો જાઓ નહીતર સુ-

એથી રાજ મેહેલમાં રહી સુખ માણો. રાજા ત્યાંથી તરત રાજ મેહેલ તરફ રવાના થયો ત્યાં પોતાના લાગતાવલગતાને તથા રાણીઓને પોતાની મુસાફરી કરવાની મરજી જણાવી તે સાંભલી સર્વે ઉદાશ થયા. રાજાને ઘણું ઘણું સમજાવ્યું પણ સર્વ ફોકટ. રાજાએ રાજની લગામ પોતાના મુખ્ય પ્રધાનને શોંપી બીજે દીવસે પોતાના ધારેલા કામ ઉપર જવા તૈયાર થયો. રાત દીવસ ઘોડાને ચલાવ્યા કરયાથી ઘોડો મરણ પામ્યો તેથી પગે ચાલવું પડતું હતું અનેક જાતના જંગલી જનાવરોના અવાજો રાજાને કાને પડવાં લાગ્યા પણ જાતે ક્ષત્રી બરચો તેથી ધાસ્તી રાખતો નહી એમ કરતાં કરતાં પેલી છોકરીએ કહેલા દીવસેજ તે નગરી નજીક જઇ પુગો પણ રાત પડી જવાથી ગામના દરવાજા બંધ થયા હતા તે ગામમાં વાઘની બીક બહુ લાગતી તેથી સુર્યે અસ્ત થતાંજ દરવાજા બંધ કરી કોઈ પણ માણસને બાહેર રેહેવાનો હુકમ હતો નહી તેથી રાજા ત્યાં આવીને જુવે

છે પણ કોઈ માણુસ જોવામાં આવ્યું નહી તેથી રાતવાસો રેહેવાને માટે નીરભય જગાની તપાસ કરવા લાગ્યો ત્યાં એક મોટું વડનું ઝાડ તેના જોવામાં આવ્યું ત્યાં રાતવાસો રેહેવાને રાજા બેઠો છે તેવામાં તે વડને આસરે રહેતો કઠીયારો તથા તેની સ્ત્રી જંગલમાં લાકડાં કાપવા ગયા હુતા તે આવ્યાં અને તે હુમેશા તે વડનાં ઝાડ ઉપર પોતે બાંધેલા માળમાં સુઈ રેહેતાં હતાં ત્યાં આવીને જુવે છે તો કોઈ માણુસને દીઠું. તેથી પેલો કઠીયારો પુછવા લાગ્યો કે ભલા માણુસ તમો અહીંઆં નીરભે થઈને કેમ બેઠા છો હું ધારૂં છું કે તમો કોઈ મુસાફર જણાઓ છો તેથી આ ગામથી અજાંણા હોવા જોઈએ ત્યારે તે રાજા બોલ્યો કે હા હું તાહુરા કેહેવા મુજબ અજાંણો છું આજની રાત મારે અહીયાં રેહેવાનો વીચાર છે ત્યારે કઠીયારો બોલ્યો મોટી ખુશીથી રહો અમારા ધન ભાગ કે તમારા જેવા ભલા માણુસનો આજની રાત સમાગમ થયો. પેલી કઠીયારાની સ્ત્રી ત્યાં આવીને કઠીયારાને

પુછવા લાગી કે એ કોણ છે. અને અહીં કેમ બેઠો છે તેને અહીંયાંથી નસાડી મુંક ત્યારે તે કઠીયારાએ તેને સમજાવીને કહ્યું કે સહુ-વાર પડશે, એટલે તે ગામમાં જશે માટે રાતની રાત આપણી સાથે ભલે રહે તેવામાં તો તે સ્ત્રી લાલચોળ થઈને રાજા પાસે આવી ધમકાવા લાગી કે અલ્યા અહીં તારા બાપની કાંઈ દોલત દાટી છે કે શું. ચાલતો થા અહીંથી અહીંયાં કોઈને રેહવાનુ કામ નથી. રાજાએ કાલાવાલા કરી કહ્યું બાઈ હું ફકત એક રાત તમારી પાસે રેહે-વાનો છું માટે તારે ગમે તેમ કર પણ હું આ જગા છોડી બીજે ઠેકાણે જઈશ નહી તેમ તમોને હું કાંઈ પણ અડચણ કરીશ નહી તે છતાં પણ તે કઠીયારાની સ્ત્રી ટકટક કરતી બંધ થઈ નહી પછી કઠીયારાએ કહ્યું કે ભાઈ તમો તમારે બેસી રહો તેની સાથે બોલો નહી હમણાં આ-પણે વાળુ કરીને ઉંઘાઈ જશું. એમ કહી પોતાની બાઈડી પાસેથી લાકડાં વેચી આણેલો અનાજ માગવા લાગ્યો પણ તે કમજાત સ્ત્રી સમજી કે

આ મુવો મુસાફરને ખવરાશે તેથી તે બોલી કે આજે મને બહુ ભુખ લાગી છે તેથી હું એકલી ખાઇશ તને પણ ખાવા આપીશ નહીં ત્યારે તે કઠીયારો ઘણા કાલાવાલા કરવા લાગ્યો કે તું ખોટો હઠ છોડી દે આપણે ત્યાં આવેલા માણસનું આપણે આપણા ગજા પ્રમાણે સનમાન કરવું જોઇએ જો ન કરીએ તો ઇશ્વરના ઘરના ગુનેગાહેર ઠરીએ આમ અનેક રીતે સમજાવી પણ તે બદસુરતની સ્ત્રી એકની બીજી થઈ નહી આખરે કઠીયારાને ખાવા માટે હમેશ આપતી હતી તેથી પણ ઓછું આપ્યું અને કહયું કે જો તું તે મુસાફરને આપીશ તો તારૂં ઘેર ચલાવીશ નહીં. "એને અહીઆથી હમણાજ નસાડી મુક નહી તો તારે મારે ઝગડો થશે. એમ કહી તે સ્ત્રી ઝટ પેલુ કાચું અનાજ ખાઇને ઝાડ ઉપર બાંધેલા માળા ઉપર જઈ બધી જગ્યા રોકીને ઉંઘી ગઈ. ત્યારે પેલા કઠીયારાએ પોતાના ભાગનું અનાજ પોતે નહી ખાતાં તે મુસાફરને આપ્યું. તેને પણ ભુખ લાગેલી

હોવાથી તે ખમુ ચટ કરી ગયો. હવે તે કઠીયારો આખો દીવસ મેહુનત કરી થાકેલો અને જેનો આધાર ફકત તે અનાજ ઉપર હતો તે પોતાના મનમાં ખુશ થયો કે મારે ત્યાં આવેલો પરોણો મારૂં અનાજ ખાઈ તૃપ્ત થયો. એવા હરખથી તેને ભુખનું કાંઇ પણ ભાન રહયું નહીં ઘોર ખુશી થયો હતો. હવે સુવાને માટે જોગવાઇ કરવી જોઇએ કેમકે નિચે સુઇ રહે તો વાઘ આવીને ખાઈ જાય તેથીજ ઝાડ ઉપર તે લો-કોએ પોતે બે જણ સુઈ રહે તેવા માલા બાંધી રાખ્યા હુતા ત્યાં પેલી કુંભારજા સ્ત્રી સુઇ રહી હતી તેને કઠીયારાએ એક બાજુ ખસેડી તે મુસાફર રા-જાને સુવાની જગા કરી આપી ત્યારે તે રાજા બોલ્યો કે તમે કયાં સુવાની જગા કરી છે. ત્યારે તે કઠીયાએ કહ્યું કે હું આ વૃક્ષમાં લટકતી વડ-વાઇને લટકી રહીશ એટલે વાઘ મને પોંહચી શકશે નહી. તે રાજાએ તેને ઘણું સમજાવ્યું કે તમો આખા દીવસના થાકેલા તેમજ ભુખ્યા છો માટે તમો અહીં સુખેથી ઊંઘાઓ ત્યાંસુધી

આવી બેસું છું પછી તમો ઊઠસો એટલે હું જા-
ગીશ. ત્યારે તે કઠીયારો બોલ્યો કે એ તમો શું
બોલો છો તમો મારે ત્યાં આવ્યા અને હું ઊંઘી
જઈ તમોને બેસાડી રાખું એ બનેજ કેમ માટે
તમો સુખેથી ઊંઘ કાહાડો હું તમોને જગાડીશ
ત્યારે તમો જાગજો. એવી રાજાને કબુલાત આપી
ત્યારે રાજા તે બાંધેલા માળા ઉપર સુનો.

પેલો કઠીયારો વડવાઈ ઝાલીને લટકી રહ્યો.
તેની સ્ત્રીએ હમેશ કરતા વધારે ખાધેલું હોવાથી
પેટમાં આફરો થયેલો તેથી ઊંઘમાં આમથી
તેમ ને આમથી આમ જેમ ગધેડું આલોટે તેમ
તે માળા ઉપર આલોટવા લાગી હતી. તેવામાં
પેલો વાઘ આવ્યો. તે વાઘની નજર તે માળા
ઉપર ઘણા દીવસ થયા લાગી હતી પણ ઉપર
ચડી નહી શકવાથી નીરાશ થઈ પાછો ચાલ્યો
જતો હતો પણ તે દીવસે પેલી કઠીયારાની સ્ત્રી
આળોટતાં આળોટતાં ધબસઈને નીચે પડી ગૈઈ.

કઠીયારાને પણ ઊંઘ આવી હતી પણ તેની
સ્ત્રીના પડવાથી તે એકદમ જાગૃત થયો કે હા-

થમાંથી વડવાઈ છુટી ગઇ તેથી તે પણ નીચે આવી પડયો. પેલો વાઘ ઘણા દીવસ થયા તે શીકાર માટે મેહનત કરતો હતો પણ ફાવતો નહી તેથી આજે આપોઆપ નીચે આવી પડયાથી તે ખુશી થઇ પેટને ભાડુ ચુકવવા મંડી પડયો. આવી રીતે બંને સ્ત્રીપુરૂષનો પ્રાણ નીકળી ગયો પણ રાજાને કાંઇ ખબર રહી નહી. સહવાર પડયું કે તે ઉઠયો તેવામાં તેની પાસે કોઇને નહી દીઠાથી તે ઘભરાટમાં પડયો કે શુ ? આ લોકો મને એકલો મુકી નાસી ગયા હશે ? નહીં નહીં એમ બનેજ નહીં, કેમકે જે ધણીએ પોતાના ભાગનું ખાવાનું પોતે નહી ખાતાં મને આપ્યું તે ધણી આમ મને એકલો મુકી નાસી જાય તેમાં તેને શો લાભ? એમ વીચાર કરતો માળાથી નીચે ઉતરી તપાસ કરવા લાગો તેવામાં ત્યાં માણસના શરીરના ભાગના કટકા પડેલા દીઠા, તેની તપાસ કરતાં તેનાજ જણાવાથી અફસોસ કરવા લાગો. કે મારે લીધે આ લોકોની આ દશા થઇ છે. હે પ્રભુ આ મારી ઉપર કલંક આવ્યું.

એમ કહી તે ઘણું રૂદન કરવા લાગ્યો પછી તે કટકાને ઠેકાણે પાડી ગામમાં જવા તૈયાર થયો જેવો તે ગામમાં દાખલ થયો, કે તેની નજરે એક અજાયબ દેખાવ પડયો. તે આ; કે એક ગધેડીએ પોતાના ગર્ભનો છુટકારો કર્યો કે લાગલો કાગડો આવી તે બચ્ચાંની બન્ને આંખો કાહાડી ઉડી ગયો આવો બનાવ જોઈ રાજા બહુ ખેદ કરવા લાગ્યો. કઠીયારો તથા તેની સ્ત્રીના મરણનો પણ રાજાને કાંઈ ઓછો ખેદ હતો નહીં પણ પોતે જે કામે આવેલો તે કામ હમણા સીધ થશે એવા હરખથી તેને ખેદ થોડો રેહેતો હતો પછી તે રાજા બજાર ભણી ચાલવા લાગ્યો તે ગામની રચના જોઈ મનમાં પ્રસન્ન થતો કે શેહેર ઘણું સુંદર છે અને તેજ દીવસે રાજાને ત્યાં છોકરાનો જન્મ થવાથી ઘેર ઘેર આનંદ મંગળ વરતી રહયો હતો. રાજા તો જાણતો હતો તો-પણ એક રાહદારીને પુછયું કે ભાઈ આ ગામમાં આજ એટલો હરખ શું બાબતનો છે ત્યારે તે રાહદારીએ કહ્યું કે અમારા રાજાને ઘેર આજ

ઘણા વરસે છોકરાનો જન્મ થયો છે તેથી હજી અધીક ધામધુમ થવાની તો બાકી છે. ત્યારે તે રાજાને પેલા બ્રાહ્મણની છોકરીના કેહેવા ઉપર વીશ્વાસ આવ્યો ત્યાંથી આગલ ચાલ્યો ત્યાં રાજાનો છોકરો ધાવતો નથી એવી ખબર ગામમાં ફેલાઈ ગઈ તેથી જેવો આનંદ થઈ રહયો હતો તેવોજ અફસોસ થઈ રહયો. વૈદ્ય ડાકતરોને બોલાવી તપાસ કરાવી પણ કોઈને કાંઈ ખબર પડે નહી અને શું મકાર થઈને છોકરો સુતો છે વૈદ્ય ડાકતરોના ઉપાય નહી લાગવાથી દોડાદોડ થઈ રહી ત્યારે આ મુસાફર રાજાએ કોઈ ભલા માણસને પુછયું કે ભાઈ આ શું દોડાદોડી છે તે મને સમજાવો ત્યારે તે ભલા માણસે કહ્યું કે રાજાને ત્યાં આજે ઘણા વરસે છોકરો આવેલો છે પણ તે ધાવતો નથી તેમ રડતો પણ નથી આ અફસોસ છે માટે તમારી પાસે કોઈ એવી દવા કે ઇલમ હોય તો ચાલો તમોને મોટું ઈનામ મલશે. ત્યારે તે રાજાએ કહ્યું કે મારી પાસે છે. અને મારે કાંઈ ઈનામની જરૂર

નથી એમ કહી તે રાજા રાજ મેહેલમાં દાખલ થયો. પેલા છોકરાને પોતાના ખોળામાં સુવરાવી તમામ માણુસને બાહેર જવાની સુચના કરી ઓરડાના કમાડ બંધ કરી પુછવા લાગો કે કેમ છો. ત્યારે તે છોકરો બોલ્યો કે તમોને અભણુ-રામ માહારાજની છોકરીએ મોકલ્યા છે કે? રાજાએ કહ્યું હા. ત્યારે હવે તમરે શું જોવું છે રાજાએ કહ્યું કે તરત દાન ને માહા પુન્ય. તે છોકરો બોલ્યો તે તમોએ હજી જોયું નથી રાજા બોલ્યો નહી, નથી જોયું. તે છોકરાએ કહ્યું તમો આ ગામને પાદર સાજના આવ્યા હતા ત્યાં શું જોયું ત્યારે રાજાએ કઠીયારાંની હકીકત કહી દેખાડી એટલે છોકરો બોલ્યો કે રાજા તેજ હું કઠીયારો છું અને જે ગધેડીએ બચ્ચાંને જન્મ આપયો તે મારી સ્ત્રી હતી. જેવી તેની કરણી તેવી પાર ઉતરણી સમજવી મેં તમને મારૂં ખા-વાનું અન આપી હું ભુખ્યો રહયો તેનું આ ફલ હું પામ્યો છું અને મારી સ્ત્રીની કેવી ગતી થઈ તે તેં નજરે જોઈ.

માટે આ ઉપરથી તારે તરત દાન ને માહા પુન્ય સમજી લેવું આવું છોકરાનું બોલવું સાંભલી રાજાએ કાન પકડયો કે વાત ખરી છે. અને મેં જે આટલો પરીશ્રમ વેઠયો તે સફલ થયો. પુન્યે પાપ ઠેલાઈ છે એ જગતની કેહેવત છે તેમાં પણ સુપાત્રે દાન આપવું એ વધારે ઉતમ છે એટલી વાતચીત થયા પછી તે છોકરો ઊંવા ઊંવા કરી રડવા લાગ્યો તેથી બાહેર ઉભેલા લોકો ખુસી થયા. પછી તે રાજાએ કમાડ ઉઘાડી છોકરાને તેમને સ્વાધીન કરયો. આથી તે મુસાફર રાજાની ગામમાં પ્રસંસા થવા લાગી. અને રાજ તરફની પણ તેની આગતાસ્વાગતા કરવા લાગ્યાં ને તે ગામના રાજાએ કચેરી ભરી તે મુસાફર રાજાને તેડાવ્યો. રાજાએ આદરસહીત બેસવાને આશન આપ્યું તે દીવસની ખુસાલીમાં રાજાએ નાચરંગ વીગેરે કરાવી તેમજ યાચક લોકોને સારી રીતે દ્રવ્ય આપી ખુશી કરયા પછી રાજાના તમામ મોટાથી નાના સૌ સૌના હોદ્દા પ્રમાણે બક્ષીસ આપી ખુશ કરયાં.

પછી રાજાએ તે મુસાફર રાજાને ઘણાજ સ્નેહથી પુછયું કે તમારે શું ઇચ્છા છે તેની માગણી કરો કેમકે તમારો અનહદ મારા ઉપર ઉપકાર થયો છે આવું રાજાનું બોલવું સાંભળી તે મુસાફર રાજા બોલ્યો કે માહારાજ મારે કશાની ઇચ્છા નથી આપના પ્રતાપથી મારે જે જોઇએ તે છે. એમ કહી પોતાની હકીકતથી રાજાને વાકેફ કરયો. આથી તે રાજા ઘણો ખુસી થયો વલતે દીવસ ઘણી ધામધુમ સાથે તે મુસાફર રાજાએ પોતાને દેશ જવાની તૈયારી કરી.

છ માસે પોતાને ગામ આવી પુગો. ગામમ ખબર પડતાં સૌને હર્ષ થયો-ધામધુમથી રાજાને ગામમાં લાવ્યા. વલતે દીવસ તે રાજાએ પેલ અભણરામ બ્રાહ્મણની છોકરીની મુલાકાત લઈ બનેલી હકીકત જણાવી તેનો ઉપકાર માન્યો અને તે અભણરામને હમેશાં દક્ષણા ચાલુ રાખી.

સંપુર્ણ.

દરેક કુટુંબમાં અવશ્ય સંગ્રહ કરવા યોગ્ય

"ઝેર નીવારણ"

અથવા

ઝરી જનાવરોના ડંખથી તેમજ

ઝેરી પદાર્થ અજાણપણે

ખવાઈ જવાથી નીપજતા

અકાળ મૃત્યુનો

બચાવ

અનેક વૈદકસાસ્ત્રનુ દોહન કરી વિદ્વાન ડાકતરો, રાજવૈદ્યો અને પ્રખ્યાત પંડીતોના અનુમતથી છપાયેલું પુસ્તક કીમત ત્રણ આના પોષ્ટેજ શુદ્ધા.

ઠે૦ મુંબઇ કાલ-કાદેવી તેલવાડી-ને નાકે. | ડા૦ વશનજી પરમાણંદ. ચાહે અને પુસ્તકો વેચનાર.

ગજકર્ણસિંહ.

દરાજ, કીડ, ખુજલી અને ખરપસાને જડ મુળથી ઉખેડી સાફ કરવામાં રામબાણ તરીકે પ્રશીદ્ધ થએલો તેમજ અનુભુવિક ડાકટરો, અને દેશી વૈદ્યોએ આ ગજકર્ણ સિંહને ઉપર જણાવેલા દરદ માટે અકસીર ઉપાય તરીકે પંસદ કરેલો છે.

મુંબઇમાં દરેક દવા વેચનારાઓને ત્યાંથી મળશે.

વેચવા માટે જથાબંધ લેનારાઓએ નીચે જણાવેલે ઠેકાણેથી મંગાવી લેવો. કમીશન વાજબી મળશે.

ઠેકાણું મુંબઇ ક. લક્ષ્મીદેવી તેલવાડી નાકે	ડા૦ વશનજી પરમાણંદ ચાહ અને પુસ્તકો વેચનાર.